**પ્ર. : ૧. (ક) નીચેના પાઠની પૂર્તિ કરો : (કોઈ પણ છ લખો)**

(૧) દેવસિયં ................................... તપ

**જ. (૧) દેવસિયં પડિક્કમણં ઠાએમિ દેવસિય જ્ઞાન દર્શન ચરિત્તાચરિત્તે તપ.**

(૨) અભગ્ગો .................................. નમોકારેણં

**જ. (૨) અભગ્ગો અવિરાહિઓ હુજ્જમે કાઉસગ્ગો જાવ અરિહંતાણં ભગવંતાણં નમોકારેણં**

(૩) હીણક્ખરં .................................. દુટ્ઠુ પડિચ્છિયં

**જ. (૩) હીણકખરં અચ્ચક્ખરં પયહીણં વિણયહીણં જોગહીણં ઘોસહીણં સુઢ્ઢુદિન્નં દુઢ્ઢુપડિચ્છિયં**

(૪) વરનાણ ................................. બુધ્ધાણં

**જ. (૪) વરનાણ દંસણ ધરાણં વિયટ્ટછઉમાણં જિણાણં જાવયાણં તિન્નાણં તારયાણં બુધ્ધાણં**

(૫) તં જહા ................................. ભત્તપાણ વોચ્છેએ

**જ. (૫) તં જહા તે આલોઉ બંધે વહે છવિચ્છેએ અઈભારે ભત્તપાણ વોચ્છેએ**

(૬) ન ફાસિયં ................................ અણુપાલિયં

**જ. (૬) ન ફાસિયં ન પાલિયં ન તીરિયં ન સોહિયં ન આરાહિયં આણાએ અણુપાલિયં**

(૭) ઓદણ વિહિં ........................... મુહવાસ વિહિં

**જ. (૭) ઓદણવિહિં સૂપવિહિં વિગય વિહિં સાગ વિહિં માહુરયવિહિં જેમણવિહિં પાણિયવિહિં મુહવાસ વિહિં**

(૮) કંબલ ................................... ભેસજ્જેણં

**જ. (૮) કંબલ પાયપુચ્છણેણં પાઢિયારૂ પીઢ, ફલગ સિજ્જા, સંથારએણં ઓસહ ભેસજ્જેણં**

(૯) ચઉવ્વિહે ............................... પાવકમ્મોવએસં

**જ. (૯) ચઉવ્વિહે અણત્થા દંડે પન્નતે તં જહા અવજ્ઝાણાચરયિં પમાયાચરિયં હિંસપ્પયાણં પાવકમ્મોવએસં**

(૧૦) દંત વાણિજ્જે .......................... દવગ્ગિદાવણયા

**જ. (૧૦) દંત વાણિજ્જે કેસ વાણિજ્જે રસ વાણિજ્જે લક્ખ વાણિજ્જે વિસ વાણિજ્જે જંતપીલણ કમ્મે નિલ્લંછણકમ્મે દવગ્ગિદાવણયા**

**(ખ) નીચેના શબ્દોના ગુજરાતી અર્થ લખો : (કોઈ પણ આઠ)**

**જવાબ સાથે**

| | |
|---|---|
| ૧) ઝાણેણં **જઃ ધર્મધ્યાને કરીને (મનને એકાગ્ર કરીને)** | ૬) ભંતે **જઃ હે પૂજ્ય** |
| ૨) ચેઈયં **જઃ આપ જ્ઞાન સ્વરૂપ છો** | ૭) ન તીરિયં **જઃ પાર ઉતાર્યું ન હોય** |
| ૩) સિવ **જઃ ઉપદ્રવરહિત** | ૮) સંક્રમણે **જઃ (પગ મૂકીને) કચર્યા હોય** |
| ૪) જાવ **જઃ જ્યાં સુધી** | ૯) વોસિરામિ **જઃ વોસરાવું છું, દૂર રાખું છું.** |
| ૫) ઉત્તમા **જઃ સૌથી ઉત્તમ** | ૧૦) સુહુમેંહિ **જઃ સૂક્ષ્મપણે** |

**(ગ) નીચેના ગુજરાતી શબ્દનું માગધી લખો (કોઈ પણ છ) :**

**જવાબ સાથે**

| | |
|---|---|
| ૧) ક્ષય રહિત **જઃ મક્ખયં** | ૫) તથા **જઃ તહ** |
| ૨) પ્રકાશ કરનારા **જઃ પયાસયરા** | ૬) ધૂળ આદિથી ઢાંક્યા હોય **જઃ વત્તિયા** |
| ૩) શ્રેષ્ઠ જ્ઞાન **જઃ વર નાણ** | ૭) ભગવંતોને **જઃ ભગવંતાણં** |
| ૪) બે કરણને **જઃ દુવિહં** | ૮) વિરાધનાથી **જઃ વિરાહણાએ** |

**(ઘ) સામાયિકનો દોષ લખો :**

મનનો પાંચમો, વચનનો ત્રીજો, કાયાનો સાતમો લખો.

**જવાબ (ઘ): મનનો ૫ ભય , વચનનો ૩ સ્વચ્છંદ, કાયાનો ૭ - આળસ મરડવાથી (આલસ્ય)**

---

**પ્ર. : ૨. (ક) નીચેના પ્રશ્નોના જવાબ લખો : (કોઈ પણ અગિયાર) :**

(૧) લોગસ્સનું બીજું નામ શું છે ?

**જ : (૧) ચતુર્વિંશતિ સ્તવ અથવા ઉત્કીર્તન સૂત્ર**

(૨) અતિચાર એટલે શું ?

**જ : (૨) વ્રતભંગ માટે તૈયાર થવું / અંશે વ્રત તૂટે તેવા દોષોનું સેવન કરવું.**

(૩) ત્રીજો પાઠ આપણને શું શીખવે છે ?

**જ : (૩) આપણને નીચે જોઈને ચાલવાનું, જીવોની દયા પાળવાનું સ્મરણ કરવું.**

(૪) મહિયા એટલે શું ?

**જ : (૪) ભાવથી સ્મરણ કરવું.**

(૫) સામાયિકમાં શેનો ત્યાગ કરવામાં આવે છે ?

**જ : (૫) સાવદ્યયોગનો ત્યાગ કરવામાં આવે છે.**

(૬) અવિરાહિઓ એટલે શું ?

**જ : (૬) આગારોના સેવનથી ભગવાનની આજ્ઞાની વિરાધના થતી નથી.**

(૭) તમારે આંખ જોઇએ છે કે કાન ?

**જ : (૭) કાન**

(૮) શલ્ય એટલે શું ?

**જ : (૮) કાંટો**

(૯) લોગસ્સનો પાઠ શાશ્વત છે કે અશાશ્વત ?

**જ : (૯) શાશ્વત છે, પરંતુ જે સમયમાં જેટલા તીર્થંકરો થાય તેટલા તીર્થંકરોના નામ ઉમેરાતાં કે બદલાતાં રહે છે.**

(૧૦) નિંદામિ એટલે શું ?

**જ : (૧૦) આત્માની સાક્ષીએ દોષોની આલોચના**

(૧૧) બે ઘડી કોને કહે છે ?

**જ : (૧૧) ૨૪ મિનિટ = ૧ ઘડી, ૪૮ મિનિટ = બે ઘડી = ૧ મુહૂર્ત**

(૧૨) કીડીને કેટલી ઇન્દ્રિય છે ?

**જ : (૧૨) ત્રણ (કાય, જીભ, નાક)**

(૧૩) કોટિ કોને કહે છે ?

**જ : (૧૩) કોટિ એટલે પ્રકાર કે મર્યાદા કે છેડો.**

**(ખ) જોડી બનાવો :**

| **જવાબ સાથે** | (અ) | (બ) | |
|---|---|---|---|
| (૧) | નમોત્થુણં | કાયાથી પંચાંગ નમસ્કાર કરવા | **જવાબ : શક્રસ્તવ** |
| (૨) | વિરાધના | શરીરને સ્થિર રાખવું | **જવાબ : જીવોની હિંસા** |
| (૩) | વંદિય | શક્રસ્તવ | **જવાબ : કાયાથી પંચાંગ નમસ્કાર કરવા** |
| (૪) | કાઉસ્સગ્ગ | જીવોની હિંસા | **જવાબ : શરીરને સ્થિર રાખવું** |

---

**પ્ર.: ૨. (ગ) સાચું કે ખોટું છે તે લખો, ખોટું હોય તો સુધારીને લખો :**

**જવાબ સાથે** (૧) લોગસ્સ કાવ્યમય છે. **જવાબઃ સાચું**

(૨) શ્રાવકને ૯ કોટિએ પચ્ચક્ખાણ હોય. **જવાબઃ ખોટું-૬ કોટિ એ પચ્ચક્ખાણ**

(૩) ઈરિયાવહિયંનું બીજું નામ આલોચના સૂત્ર. **જવાબઃ સાચું**

(૪) કાઉસ્સગ્ગ પાપ-કર્મોનો નાશ કરવા માટે છે. **જવાબઃ સાચું**

---

**પ્ર. : ૩. (ક) નીચેના પ્રશ્નોના જવાબ આપો : (કોઈ પણ દસ લખો) :**

**જવાબ સાથે**

(૧) સાધુ-સાધ્વીજી કેવો ઉપદેશ આપે છે ? **જવાબ : કર્મબંધનને તોડવાનો ઉપદેશ**

(૨) શત્રુઓથી કોણ બચાવે ? **જવાબ : સૈનિકો બચાવ**

(૩) જન્મ-મરણ એ કોનો સ્વભાવ નથી ? **જવાબ : આત્માનો**

(૪) દુઃખ કેવું છે ? **જવાબ : ક્ષણિક**

(૫) ત્યાગ માટે કોને યાદ કરશું ? **જવાબ : શાલિભદ્ર**

(૬) સાચું શરણું કોણ આપે ? **જવાબ : ભગવાન**

(૭) આત્માનો સ્વાદ કેવો ? **જવાબ : સ્વાદ નથી**

(૮) અંજલિકરણ કયા શબ્દથી કરવામાં આવે છે? **જવાબ : મત્થએણ વંદામિ**

(૯) મૃત્યુ સમયે કોનું શરણું લેવું ? **જવાબ : ધર્મ**

(૧૦) સામાયિક માટે કોને યાદ કરીશું ? **જવાબ : (૧૦) પુણિયા શ્રાવક**

(૧૧) આ દુનિયા શાનાથી ભરેલી છે ? **જવાબ : (૧૧) દુઃખ, રોગ, કલેશ, અશાંતિથી ભરેલી**

(૧૨) મોક્ષમાં શું ? **જવાબ : (૧૨) આનંદ**

**(ખ) નીચેના જવાબ લખો :**

(૧) અભિગમ એટલે શું ? અચેત એટલે શું ? ઉદાહરણ સાથે લખો.

**જ : (૧) અભિગમ એટલે પૂ. સાધુ-સાધ્વીજી પાસે જતાં અથવા રસ્તામાં મળે ત્યારે પાળવા યોગ્ય નિયમો.**

**અચેત : જેમાં જીવ ન હોય તેને અચેત કહે છે.**

**દા.ત.: છત્રી, લાકડી, ચંપલ આદિ અચેતનો ત્યાગ કરી ગુરુ પાસે જવું.**

(૨) જ્ઞાન વૃદ્ધિનો બીજો, છઠ્ઠો અને સાતમો બોલ લખો.

**જ : (૨) ૨ - ઊંઘ ઘટાડીને અભ્યાસ કરવાથી જ્ઞાન વધે છે.**

**૬ - ગુરુનો વિનય કરીને અભ્યાસ કરવાથી જ્ઞાન વધે છે.**

**૭ - સંસારના વૈરાગ્ય સાથે જ્ઞાન શીખવાથી જ્ઞાન વધે છે.**

**(ગ) ખાલી જગ્યા પૂરો :**

(૧) સુખથી........... ના જવું.

**જ : (૧) સુખથી <u>ફુલી</u> ના જવું.**

(૨) આનંદ શ્રાવકની જેમ ........... ક્યારે પાળીશ ?

**જ : (૨) આનંદ શ્રાવકની જેમ <u>બાર વ્રતો</u> ક્યારે પાળીશ?**

(૩) આત્માને આપણે ........... કહીએ છીએ ?

**જ : (૩) આત્માને આપણે <u>અમર</u> કહીએ છીએ ?**

(૪) જ્ઞાન શીખવા માટે .......... કરવાથી જ્ઞાન વધે છે.

**જ : (૪) જ્ઞાન શીખવા મો <u>ઉદ્યમ</u> કરવાથી જ્ઞાન વધે છે.**

**(ઘ) હું કોણ છું તે કહો :**

**જવાબ સાથે**

(૧) આ રાખીને અભ્યાસ કરવાથી જ્ઞાન વધે છે. **જવાબ : મૌન**

(૨) સેવા માટે કોને યાદ કરીશું ? **જવાબ : નંદીષેણ મુનિ**

(૩) મારે ત્યાં આનંદ જ આનંદ છે. **જવાબ : મોક્ષ**

(૪) કષ્ટો સહન કરીને મારા જેવા સહનશીલ બનો. **જવાબ : મહાવીર સ્વામી**

(૫) આ પાસે અભ્યાસ કરવાથી જ્ઞાન વધે છે. **જવાબ : જ્ઞાની**

---

**પ્ર. : ૪. વાર્તાના આધારે પ્રશ્નોના જવાબ લખો :**

(૧) તાપસનું નામ શું હતું ?

**જ : (૧) તાપસનું નામ કમઠ હતું.**

(૨) ચંદનબાળા કેટલા સાધ્વીના ગુરુણી બન્યાં ?

**જ : (૨) ચંદનબાળા ૩૬,૦૦૦ સાધ્વીનાં ગુરુણી બન્યાં.**

(૩) પાર્શ્વનાથ ભગવાન કેટલામા તીર્થંકર થયા ?

**જ : (૩) પાર્શ્વનાથ ભગવાન ૨૩મા તીર્થંકર થયા.**

(૪) કૌશંબી નગરીના રાજાનું નામ શું હતું ?

**જ : (૪) કૌશંબી નગરીના રાજાનું શતાનીક હતું.**

(૫) નંદીષેણ મુનિના જીવન પરથી આપણે શું બોધપાઠ લેવો ?

**જ : (૫) ૧) અજ્ઞાનતાથી લીધેલું પગલું આપણને વધારે દુઃખ આપી શકે છે.**
**૨) સંતોનો સત્સંગ હંમેશાં ફળદાયી હોય છે.**
**૩) સેવા સ્વાર્થ વગરથી ચોક્કસ મેવા અપાવે છે.**
**૪) પોતાનું કાર્ય કરતી વખતે આવેલ તમામ વિઘ્નોને નજરઅંદાજ કરવાથી મંજિલે પહોંચી શકાય છે.**
**૫) મળેલી શક્તિનો બીજા માટે ચોક્કસ યથાશક્તિએ ઉપયોગ કરવો જોઈએ.**
**૬) અનેકો જીવન સ્વ માટે જીવ્યા પછી એક જીવન આપણે પરમાત્માને સર્મિપત કરી એમના હસ્તે ચાલવું જોઈએ.**

(૬) <u>કોણ બોલે છે ?</u>

(અ) અરે ! આ તો મારી ભાણેજ વસુમતી !

**જ : (અ) મૃગાવતી.**

(બ) અરે ! ઓ દુષ્ટ ! તું આ શું કરે છે ?

**જ : (બ) ધરણેન્દ્ર**

(ક) ''આને આપણી દીકરી ગણીને રાખજે''.

**જ : (ક) ધન્નાવહ શેઠ**

(ડ) હે દેવ ! આ જગતમાં વીતરાગનો ધર્મ અને તેના સંતો સિવાય બીજું શું મહાન છે ?

**જ : (ડ) નંદીષેણ મુનિ.**

**પ્ર. : ૫. કાવ્ય પૂર્તિ કરો :**

(૧) જે સુખ .................... વાળવાના.

**જ : (૧) જે સુક પામ્યા કર્મ પ્રતાપે, ઝાઝું ગણીને રહીશું સુખેથી**
**યત્ન કરીશું પણ ના ફળે તો, માંગણી કોઈ ના કરીશું મુખેથી**
**લઈ લેવાની (૨) જો દાનત જાગે, તો દાનવૃત્તિમાં અમે વાળવાના.**

(૨) અરિહંત .................... છે અપાર.

**જ : (૨) અરિહંત દેવો સર્વ જાણે છે, રાગ-દ્વેષના જિતનાર...**
**સિદ્ધ પરમાત્મા મોક્ષમાં બિરાજે, તેમનું સુખ છે અપા...**

(૩) મોક્ષ ...................... વિશ્વાસ છે.

**જ : (૩) મોક્ષ અભિલાષી આ જીવડો, વિનવે તુજને આજ રે**
**શરણે આવ્યાં તારા અમે સહુ, તારામાં વિશ્વાસ છે...**

(૪) મા-બાપ .................. છોડાવું છું.

**જ : (૪) મા-બાપ મને ખૂંચે, મને જન્મ દીધો જેણે;**
**મારા પાલન પોષણમાં, ઘણો ભોગ દીધો જેણે**
**એની વૃદ્ધાવસ્થામાં, મારું ઘર હું છોડાવું છું....**

**॥ જય જિનેન્દ્ર ॥**